# નાણાકીય જાગૃતિ સંદેશ

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ, કેન્દ્રિય કાર્યાલય



### દાવાનો અસ્વીકાર

આ પુસ્તિકાની રચના વાચકને નાણાકીય શિક્ષણ આપવાના ઉમ્દા હેતુસર એક વાંચન અને શિક્ષણ સામગ્રી તરીકે કરવામાં આવી છે. વાચકનાં કોઇપણ નાણાકીય ઉત્પાદન કે સેવા પ્રત્યેના અભિપ્રાય કે નિર્ણયને પ્રભાવિત કરવાનો આ પુસ્તિકાનો હેતુ નથી.


### સર્વાધિકાર

આ પુસ્તિકા ભારતીય રિઝર્વ બેંકની પરવાનગીથી પુર્નમુદ્રિત કરી શકાય છે.



દ્વિતીય સંસ્કરણ નવેમ્બર ૨૦૧૬

**મુદ્રણ : ભારતીય રિઝર્વ બેંક**

**ભારતીય રિઝર્વ બેંક**

*ભારતની મધ્યસ્થ બેંક*





**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ,**
**ભારતીય રિઝર્વ બેંક, ૩જો માળ, મુખ્ય કાર્યાલય ભવન,**
**આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૪**

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| સંદેશ ૧ | બેંકમાં ખાતું ખોલવતી વખતે જરૂરી દસ્તાવેજો (કે વાય સી). | ૨ |
| સંદેશ ૨ | બચત અને અંદાજપત્રનું મહત્વ તેમજ સમજદારીપુર્વક કરજ લેવું. | ૩ |
| સંદેશ ૩ | તમારી થાપણ અને થાપણ ખાતાઓ વિશે વધુ જાણો. | ૪ |
| સંદેશ ૪ | સમયસર લોન ચુકવો અને સારો ક્રેડિટ સ્કોર જાળવો. | ૫ |
| સંદેશ ૫ | ચેક અને ડિમાન્ડ ડ્રાફ્ટને અલવિદા કહો અને નાણાં મોકલવા/મેળવવા ઇલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ શરૂ કરો. | ૬ |
| સંદેશ ૬ | તમારા ઘરઆંગણે કે નજીકમાં જ બેંકિંગ સેવાઓ. | ૭ |
| સંદેશ ૭ | બેંકમાં અને બેંકિંગ લોકપાલને તમારી ફરિયાદ કરવા વિશે જાણો. | ૮ |
| સંદેશ ૮ | મફ્ત કઇં મળતું નથી, છેતરાશો નહીં. | ૯ |
| સંદેશ ૯ | એટીએમ સાથેના અવરોધ મુક્ત અનુભવ માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો. | ૧૦ |
| સંદેશ ૧૦ | તમારી મહેનતની કમાણી માત્ર નોંધાયેલ સંસ્થાઓમાં જ રોકો. | ૧૧ |
| સંદેશ ૧૧ | અયોગ્ય વેચાણ, તમે બેંકમાં પૈસા જમા કરાવવા જાઓ અને તમને એવો વીમો આપવામાં આવે કે જેના અંગે તમે જાણતા નથી. | ૧૨ |




# સંદેશ ૧
# બેંકમાં ખાતું ખોલવતી વખતે જરૂરી દસ્તાવેજો (કે વાય સી)

- બેંકમાં ખાતું ખોલાવવા માટે તાજેતરના ફોટા સાથે ‘ઓળખ અને રહેઠાણનો એક પુરાવો” પૂરતો છે.

- પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઇસન્સ, મતદાર ઓળખ કાર્ડ અને આધાર કાર્ડનો અને નરેગા કાર્ડનો ઓળખ અને રહેઠાણના પુરાવા તરીકે ઉપયોગ થઇ શકે છે. પાન કાર્ડનો માત્ર ઓળખનાં પુરાવા તરીકે ઉપયોગ થઇ શકે છે.




- જો તમે ઓળખના પુરાવામાં દર્શાવેલ સરનામે ન રહેતા હો તો તમે માત્ર સંદેશા વ્યવહાર માટે તમારાં વર્તમાન સરનામું આપીને ખાતું ખોલી શકો છો.

- તમારી પાસે આ પૈકી કોઇપણ પુરાવો ન હોય તો પણ તેમ બેંકમાં તમારા તાજેતરના ફોટા આપી અને બેંકના અધિકારી સમક્ષ સહી કરીને કે અંગુઠાની છાપ આપીને “સ્મોલ(લઘુ)એકાઉન્ટ” તરીકે ઓળખાતું ખાતું ખોલાવી શકો છો. આવા ખાતામાં કોઇપણ સમયે જમા રકમ ₹૫૦૦૦૦થી અને એક વર્ષમાં કુલ જમાં કરવામાં આવેલ રકમ ₹૧૦૦૦૦૦થી વધારે ન થવી જોઈએ. ઉપરાંત આવા ખાતામાંથી તમે પ્રતિમાસ ₹૧૦૦૦૦ ઉપાડી શકો છો.










# સંદેશ ૨

# બચત અને અંદાજપત્રનું મહત્વ તેમજ સમજદારીપુર્વક કરજ લેવું.




- **અંદાજપત્ર અને બચત :** બજેટ એ તમારી ભવિષ્યની આવક અને ખર્ચાઓનું આયોજન છે તમારા માટે ખર્ચ અને બચત માટેની માર્ગદર્શિકા સમાન છે. દરેક પરિવારે આવક અને ખર્ચનું અંદાજપત્ર બનાવવું જોઇએ અને તેનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. આદર્શપણે તમારે ખર્ચાઓનું માસિક બજેટ બનાવવું જોઈએ અને તેને વળગી રહેવું જોઇએ. ખર્ચાઓ બાદ વધતી આવકને સિલક કહેવામાં આવે છે. આવી સિલકની સક્રિય રીતે બચત કરવી જોઇએ અથવા તેનું રોકાણ કરવું જોઈએ જેથી ભવિષ્યની અણધારી ઘટનાઓ (અકસ્માત, કુદરતી આફત, નોકરી ગુમાવવી) તેમ જ જીવનના મહત્વના પ્રસંગો જેવા કે (લગ્ન, બાળકોનું ભણતર, યાત્રા/પ્રવાસ, ઘર કે વાહનની ખરીદી)સમયે તેનો ઉપયોગ કરી શકાય. બચત આપણી એ સમયે પણ મદદ કરે છે જ્યારે આપણે કમાવા માટે સક્ષમ નથી રહેતાં, જેમ કે નિવૃતિ.

- **બચતનું મહત્વ :** આવકનો કેટલોક ભાગ ખર્ચ કરતાં પહેલા બચાવવો જોઇએ. સૌ પ્રથમ, તમારી બચત સુરક્ષિત સાધનો અને સંસ્થાઓમાં કરવી જોઈએ. દા.ત. જો તમે તમારી મહેનતની કમાણી કોઇ જોખમી/અનિયંત્રિત સંસ્થામાં રાખો છો, તો બની શકે કે તમે તમારી બધી જ બચત ગુમાવી બેસો. આથી, સુરક્ષિત સાધનો અને સંસ્થાઓમાં બચત કરવી મહત્વની છે. બીજું, બચત ભવિષ્યના આયોજીત અને બિનઆયોજીત એમ બંને પ્રકારનાં ખર્ચને પહોંચી વળવા માટે છે. માટે એ જરૂરી છે કે તમે બચત એવા સાધનો અને સંસ્થાઓમાં કરો કે જરૂર પડયે તમે ઉપાડી શકો. ત્રીજું, તમારી બચત પર તમને કઇંક વળતર મળવું જોઈએ જેથી મોંઘવારી સામે તમને રક્ષણ મળે.



- **દેવું (લોન)** રોજીંદા ખર્ચ માટે લેવાને બદલે મૂલ્ય ધરાવતી અને વળતર આપે એવી અસ્ક્યામતોમાં રોકાણ કરવા લેવું (લેવી) જોઇએ. દા.ત. સારા પ્રકારના દેવામાં ઘર ખરીદવા ગીરો લોન કે બાળકોનાં ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ શૈક્ષણિક લોનનો સમાવેશ થાય છે.

- **બેંક વિરુધ્ધ શાહુકાર :** લોન લેવા માટે શાહુકાર કરતા બેંક હંમેશા સારો વિકલ્પ છે. કારણ કે ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકોનું નિયંત્રણ/ નિયમન કરવામાં આવે છે. બેંકોના વહિવટમાં પારદર્શિતા હોય છે અને શાહુકારની જેમ બેંકો કમરતોડ વ્યાજ વસુલતી નથી. આ ઉપરાંત બેંકિંગ પ્રણાલીમાં ફરિયાદ નિવારણ માટેનું એક સુગ્રથિત તંત્ર બનાવવામાં આવેલ છે.



# સંદેશ ૩

# તમારી થાપણ અને થાપણ ખાતાઓ વિશે વધુ જાણો



- તમારા નાણાં માત્ર બચત ખાતામાં ન મુકી રાખો. બચત ખાતામાં સારું વળતર મળતું નથી. જ્યારે તમારી પાસે ઉચ્ચક કે વધારાનું ભંડોળ હોય ત્યારે તેનું રોકાણ બાંધી મુદતના ખાતામાં કરો અને જ્યારે આપને નિયમિત અમુક રકમની બચત કરવી હોય ત્યારે આવર્તી થાપણ (રીકરિંગ ડિપોઝીટ) ખાતું ખોલાવો.

- આપનાં બેંક ખાતા અને લોકર માટે આપના વિશ્વાસુ વ્યક્તિને વારસદાર તરીકે નિયુક્ત કરો, એ તમારા સ્વજનોનાં હિતમાં છે. બેંકમાં ખાતું ખોલાવતી વખતે જ વારસદાર નિયુક્તિ ફોર્મ (નોમિનેશન ફોર્મ) ભરી આપો વારસદારની નિયુક્તિ કરવામાં આવેલ હોય તો, ખાતાધારક્નાં પરિવારને ખાતામાં રહેલા નાણા મેળવવામાં / દાવાઓની પતાવટમાં સરળતા રહે છે અને તેમની મુશ્કલીઓ હળવી થાય છે. ખાતાનું સંચાલન કરવાનાં અધિકાર બાબતે બેંક્ને કેટલીક સુચનાઓ આપી શકાય છે. જેમ કે, "બે માંથી એક" એટલે કે બે ખાતાધારકમાંથી ગમે તે એક (સંયુક્ત ખાતામાં), "પ્રથમ અથવા ઊત્તરજીવી" એટલે કે પ્રથમ ખાતાધારક અને તને દેહાંત બાદ બીજો ખાતાધારક અને "સંયુક્ત" એટલે બંને સાથે મળીને જ ખાતાનું સંચાલન કરી શકે છે. બેંક્ને આવી સુચના ખુબ કાળજીપુર્વક આપવી જોઈએ.

- આપ પોતાની બાંધી મુદતના ખાતામાંથી પાકતી મુદ્દત પહેલા પણ નાણાં ઉપાડી શકો છો, જો કે આ સુવિધા મેળવવા માટેના વિકલ્પની થાપણ મુકતા સમયે જ પસંદગી કરવી જોઇએ.





- પેંશનના લાભાર્થીઓ પેંશન મેળવવા પોતાના વર્તમાન બચતખાતાનો ઉપયોગ કરી શકે છે. તમે આ પ્રકારનું બચતખાતું જીવનસાથી સાથે સંયુક્ત ખાતા તરીકે રાખી અને તેમા "બે માંથી એક" અથવા "પ્રથમ અથવા ઊત્તરજીવી" સંચાલન સુચના આપી રાખો તે સલાહભર્યું છે. જરૂર પડયે તમે તમારું પેન્શન ખાતું અન્ય શાખા કે અન્ય બેંકમાં ફેરવી શકો છો.

- દર વર્ષે નવેંબર મહિનામાં તમારી બેંક શાખામાં "જીવંત હોવાનું પ્રમાણપત્ર" (લાઇફ સર્ટીફિકેટ) આપવાનું યાદ રાખો. હવે તો તમે પરંપરાગત લાઇફ સર્ટીફિકેટ ને બદલે આધાર કાર્ડ આધારિત બાયોમેટ્રીક ખરાઇ કરેલું ડીજીટલ "લાઇફ સર્ટીફિકેટ" પણ આપી શકો છો. તેના માટે તમે www.jeevanpramaan.gov.in વેબસાઇટની મુલાકાત લઇ તમારા મોબાઇલ દ્વારા તમારી બેંક્ને લાઇફ સર્ટીફિકેટ મોકલી શકો છો.



# સંદેશ ૪
# સમયસર લોન ચુકવો અને સારો ક્રેડિટ સ્કોર જાળવો




- સમજદારીપુર્વક અને તમારી ભરપાઇ કરવાની ક્ષમતા પ્રમાણે જ લોન લો.
- લોનનો હપ્તો ન ચુકી જવાય તેનું હંમેશા ધ્યાન રાખો.
- બેંક તમને બીજી લોન આપતા પહેલા તમારો ઋણાંક ચકાસે છે.
- લોનની ચુકવણીમાં થયેલ મોડું અને બેંક સાથે કરવામાં આવેલ લોનની પતાવટથી તમારા ક્રેડિટ સ્કોર (ઋણાંક)પર વિપરિત અસર પડે છે. જો ચુકવણીમાં મોડું થાય એમ હોય તો બેંક્ને અગાઉ જાણ કરો.
- બને એટલી વહેલી લોન ચુકવવાનો આગ્રહ રાખો તેનાથી તમારો ઋણ ઇતિહાસ સારો બનશે અને તમને ભવિષ્યમાં પોતાના અંગત કે ધંધાકીય ઉપયોગ માટે લોન મેળવવામાં સરળતા રહેશે.
- ભુતકાળમાં તમે લીધેલી લોન અને તેની ચુકવણીના રેકોર્ડ પ્રમાણે તમારો ઋણ ઇતિહાસ/ક્રેડિટ સ્કોર (ઋણાંક) બને છે ઊંચો ઋણાંક સુચવે છે કે તમે સમજદાર અને જવાબદાર લોન લેનાર છો.







# સંદેશ ૫

# ચેક અને ડિમાન્ડ ડ્રાફ્ટને અલવિદા કહો અને નાણાં મોકલવા કે મેળવવા ઇલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ શરૂ કરો.

**નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર**




**NEFT** દ્વારા દેશમાં કોઇપણ વ્યક્તિને ગણતરીના કલાકોમાં નાણાં મોકલો. **NEFT** સેવા અઠવાડિયાનાં પાંચ દિવસ અને ચાલુ (વર્કિંગ) શનિવારે, સવારના ૮ થી સાંજના ૭ કલાક સુધી, ઉપલબ્ધ હોય છે.

**રીયલ ટાઇમ ગ્રોસ સેટલમેંટ (RTGS)**

જો તમે નાણાં તાત્કાલિક મોકલવા માંગતા હો અને રકમ ૨ લાખથી વધારે હોય તો **RTGS** એટલે કે રીયલ ટાઇમ ગ્રોસ સેટલમેંટ સુવિધાનો ઉપયોગ કરો.

**RTGS** સેવા અઠવાડિયાનાં પાંચ દિવસ અને ચાલુ (વર્કિંગ) શનિવારે, સવારના ૮ થી સાંજના ૪:૩૦ કલાક સુધી, ઉપલબ્ધ હોય છે.



**તત્કાલ ભુગતાન સેવા (IMPS)**

**NEFT** અને **RTGS** સેવાઓ રવિવારે અને બેંકમાં રજાના દિવસોમાં ઉપલબ્ધ નથી હોતી. રવિવારે અને રજાના દિવસોમાં જ્યારે બેંકો બંધ હોય છે ત્યારે નાણાં મોકલવા કે મેળવવા તાત્કાલિક ભુગતાન/ચુકવણી સેવા **(IMPS)** નો ઉપયોગ કરો. બહુ જ ઓછા ખર્ચે નાણાં તાત્કાલિક મોકલી શકાય છે.

**NEFT, RTGS** અને **IMPS** સેવાઓ તમારા કોમ્પ્યુટર, ટેબ્લેટ અને સ્માર્ટ મોબઇલ ફોન પર ઉપલબ્ધ છે.

**યુનિફાઇડ પેમેન્ટ ઇંટરફેસ**

**UPI** એક સલામત અને સુરક્ષિત ભુગતાન પધ્ધતિ છે. **UPI** વડે ખાતા નંબર, **IFSC,** એટીએમ, ડેબિટ ક્રેડિટ કાર્ડ નંબર વગેરે જેવી બેંક સંબંધી સંવેદનશીલ માહિતી આપ્યા વગર ઝડપી અને સરળતાથી નાણા મોકલી અને મેળવી શકાય છે. આ માધ્યમ **VPA** ના આધારે કામ કરે છે

તમે ચોવીસ કલાક અને સપ્તાહના સાતેય દિવસ (રજાનાં દિવસોમાં પણ) પૈસા મોકલી/ મેળવી શકો છો.
જો વેપારી આ સુવિધાનો ઉપયોગ કરતા હોય તો તેને પણ યુપીઆઇ દ્વારા ચુકવણી કરી શકો છો.
તમારી બેંકની એપ્લિકેશન ડાઉનલોડ કરી અને યુપીઆઇ ઉપયોગ કરવાનું શરૂ કરો.



# સંદેશ ૬

# તમારા ઘરઆંગણે કે નજીકમાં જ બેંકિંગ સેવાઓ

- તમારી બેંકિંગ સંબંધિત જરૂરિયાતો માટે તમારે બેંકની શાખામાં જવાની જરૂર નથી. બીસી (બિઝનેસ કોરસ્પોંડન્ટ) /બેંક મિત્ર એ તમારી બેંક દ્વારા નિમવામાં આવેલ પ્રતિનિધિ છે. તમે તમારી નજીકની બેંક શાખાનો સંપર્ક કરી તમારા વિસ્તારમાં પ્રાપ્ય બીસી સેવા વિશે જાણકારી મેળવી શકો છે. ઉપરાંત તમે **link http://pmjdy.gov.in/g-i-s.aspxon** નામની પ્રધાનમંત્રી જનધન યોજનાની વેબસાઇટ પરથી પણ તમારા વિસ્તારમાં કાર્યરત બીસી વિશે જાણકારી મેળવી શકો છો.


- બેંક દ્વારા વ્યક્તિ, બિનસરકારી સંસ્થા, સ્વસહાય જુથ, પોસ્ટ ઓફિસ, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, સૂક્ષ્મ ધિરાણ સંસ્થાઓ, ગેરબેંકિંગ નાણાકીય કંપનીઓ, પેમેંટ બેંક વગેરેની બીસી તરીકે નિમણુંક કરવામાં આવે છે.

- લેપટોપ, હેન્ડ હેલ્ડ ડિવાઇસ કે મોબાઇલ ફોન દ્વારા બીસી તમારી બેંક સાથે તમને જોડે છે.

- શંકા/સંદેહ જેવું લાગે તો બેંકમાંથી બીસીનું નામ અને તેની વિગત સંબંધી ખરાઇ કરી શકો છો.

- બીસી દ્વારા તમે બેંકમાં ખાતું ખોલાવી શકો છો, પૈસા જમા કરાવી અને ઉપાડી શકો છો, લોન માટે અરજી કરી શકો છો, સૂક્ષ્મ વીમો મેળવી શકો છો તેમજ તમારા ખાતામાં નાણા મેળવી શકો છો અને ખાતામાંથી નાણા મોકલી શકો છો.

- જો તમને બીસીની સેવાઓથી સંતોષ ન હોય તો તમારી બેંકમા ફરિયાદ નોંધાવી શકો છો.






# સંદેશ ૭
# બેંકમાં અને બેંકિંગ લોકપાલને તમારી ફરિયાદ કરવા વિશે જાણો




- બેંકની શાખામાં રહેલા ફરિયાદપત્રકમાં તમારી ફરિયાદ નોંધો, જો આવું પત્રક શાખામાં ઉપલબ્ધ ન હોય તો તમે તે માંગો અથવા ઓનલાઇન ફરિયાદ કરો.
- ફરિયાદ નિવારણ માટે સંપર્ક કરી શકાય તેવા અધિકારીઓના નામ જો બેંક શાખામાં દર્શાવેલ ન હોય તો તમે શાખા પાસે માંગો. દરેક બેંકમાં ફરિયાદ નિવારણ માટે એક નોડલ અધિકારી (આંતરિક લોકપાલ) હોય છે.
- તમારી ફરિયાદનું ચોક્કસ સમય મર્યાદામાં નિવારણ થવું જોઇએ, જો એમ ન થાય તો, બેંકે તેના કારણો આપવા પડે છે.
- જો બેંક તમારી ફરિયાદનું નિવારણ એક મહિનામાં ન કરે, તો તમે ભારતીય રિઝર્વ બેંકના બેંકિંગ લોકપાલનો સંપર્ક કરી શકો છો.
- ભારતીય રિઝર્વ બેંકની બેંકિંગ લોકપાલ યોજના અંતર્ગત આપની ફરિયાદનું એક મહિનામાં મફ્ત નિવારણ કરવામાં આવે છે.







- દેશભરમાં અલગ અલગ રાજ્યોમાં કાર્યરત એવા ૧૫ બેંકિંગ લોકપાલ ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિમણુંક પામેલ અધિકારી છે. બેંકિંગ લોકપાલ, લોન આપવા અને વ્યાજના દર સંબંધિત ફરિયાદ સિવાયની બેંકિંગ સેવામાં ખામી અંગેની ફરિયાદો હાથ પર ધરે છે.
- તમે પોતાની ફરિયાદ સાદા કાગળમાં, ઓનલાઇન કે ઇ મેલ દ્વારા કરી શકો છો. તમે તમારી ફરિયાદ પર પણ કરી શકો છો.


भारतीय रिज़र्व बैंक
Reserve Bank of India
India's Central Bank

Banking Ombudsman Complaint Tracking Software

Welcome

Online Complaint Form

You can upload your proof after filling the Complaint Form, which should be only pdf or txt

Complaint Form

Annexure 'A'

FORM OF COMPLAINT (TO BE LODGED) WITH THE BANKING OMBUDSMAN

(FOR OFFICE USE ONLY)

Complaint No ____________

Date ____________

Upload Files

* is a mandatory field

To
The Banking Ombudsman
Reserve Bank of India


[Select BO office]

(Fields marked with an asterisk (*) are mandatory)



# સંદેશ ૮
# મફત કંઇ મળતું નથી, છેતરાશો નહીં.

- ભારતીય રિઝર્વ બેંક કે તેના ગર્વનરના કે અન્ય કોઇ બેંક્ના નામે ઇ મેઇલ, SMS, અને ફોન દ્વારા પૈસા આપવાની વાત કે પ્રસ્તાવોથી છેતરાશો નહી.
- બનાવટી ઇ મેઇલ, લોટરી જીતવાની ઓફરો તેમજ ભારતીય રિઝર્વ બેંક્ના કે અન્ય સરકારી સંસ્થાઓના નામે સસ્તી લોન કે નાણાં આપવાની જાહેરાતોના શિકાર ન બનો.
- કોઇ પ્રખ્યાત સંસ્થા આપને મોટી રકમ આપવા માંગે છે અને એ માટે શરૂઆતમાં નાની રકમ, કમિશન કે ટ્રાન્સફર ફી ભરવા માટે કહે તો ક્યારેય કોઇને કોઇ રકમ આપશો કે જમા કરાવશો નહી.





- ભારતીય રિઝર્વ બેંક કોઇને પણ બચત/ચાલુ ખાતું ક્રેડિટ/ડેબિટ કાર્ડ જેવી સુવિધા આપતી નથી અને ક્યારેય કોઇ વ્યક્તિ સાથે વ્યવહાર કરતી નથી.
- બેંક ક્યારેય ફોન કે **SMS** દ્વારા તમારો બેંક ખાતા નંબર, ક્રેડિટ/ડેબિટ કાર્ડ નંબર માંગતી નથી.
- ક્યારેય પણ તમારી બેંક ખાતાની વિગતો, ઇન્ટરનેટ બેંકિંગનું યુઝર આઇડી, પાસવર્ડ, ક્રેડિટ/ડેબિટ કાર્ડ નંબર, **CVV**, એટીએમ પીન અને **OTP** કોઇને આપશો નહી.
- જો તમને કોઇ આવી લોટરી જીતવાની કે વિદેશમાંથી સસ્તું ફંડ/નાણા મેળવવાની બનાવટી ઓફર/ પ્રસ્તાવ મળે તો સ્થાનિક પોલીસ કે સાઇબર ક્રાઇમ સત્તાવાળાઓને ફરિયાદ કરો.


# સંદેશ ૯

# એટીએમ સાથેના અવરોધ મુક્ત અનુભવ માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- આજના સમયમાં તમે એટીએમ દ્વારા પોતાના ખાતામાંથી પૈસા ઉપાડી શકો છો, પૈસા મોકલી શકો છો, ખાતાની સિલક જાણી શકો છો, બિલો ચુકવી શકો તેમ જ પોતાના ખાતા સાથે આધાર નંબર જોડી શકો છો.
- તમારા એટીએમ કાર્ડની વિગતો અને પીન ક્યારેય કોઇને આપવા નહી. પોતાનું એટીએમ કાર્ડ એટીએમમાં છોડવું નહી.




- એટીએમમાં પોતાનો પીન નાંખતી વખતે એ બાબતનું ધ્યાન રાખો કે પીન બટનની આસપાસ કેમેરો કે એવું કોઇ સાધન લગાવવામાં આવેલ નથી. બને ત્યાં સુધી પીન નાખતી વખતે એક હાથ વડે બટનોને ઢાંકી રાખો. પીન નાંખતી વખતે ક્યારેય કોઇને તે જોવા ન દો.
- એટીએમમાંથી નીકળેલ નાણાં ગણવાનું અને ચેક કરવાનું યાદ રાખો.
- એટીએમ કાર્ડ આપનાર બેંકમાં તમારો મોબાઇલ નંબરની નોંધણી કરાવો, જેથી થયેલ વ્યવહારની તમને તરત જાણ થાય.
- જો તમને એટીએમ સંબંધિત કોઇ ફરિયાદ હોય તો કાર્ડ આપનાર બેંકને લખો. જો તમારું કાર્ડ ખોવાઇ અથવા ચોરાઇ જાય તો તરત જ એને બ્લોક(બંધ) કરાવી દો.





- તમારી એટીએમ સંબંધિત ફરિયાદનું ૭ દિવસમાં નિવારણ કરવા બેંક બંધાયેલ છે, અન્યથા બેંકે આપને પ્રતિદિન ₹૧૦૦ વળતર ચુકવવું પડે છે. (જો ફરિયાદ ૩૦ દિવસની અંદર નોંધાવવામાં આવેલ હોવી જોઇએ)
- તમારો એટીએમ પીન સમાયાંતરે બદલતા રહો.
- એટીએમમાં કાર્ડનો ઉપયોગ કરતા પહેલા આસપાસ કોઇ શંકાસ્પદ વસ્તુ કે હિલચાલ છે કે કેમ તેની ચકાસણી કરો.



# સંદેશ ૧૦

# તમારી મહેનતની કમાણી માત્ર નોંધાયેલ સંસ્થાઓમાં જ રોકો

- તમારી મેહનતની ક્માણીનું રોકાણ માત્ર **RBI, SEBI, NHB, IRDA,PFRDA** અથવા રાજ્ય સરકાર સાથે નોંધાયેલ સંસ્થાઓમાં જ કરો. આ વિશે વધારે માહિતી માટે **www.sachet.rbi.org.in** ની મુલાકાત લો.
- ટુંકા સમયમાં ઊંચા વળતરની લોભામણી જાહેરાતો કે યોજનાઓમાં ફસાવું નહીં, તે ગેરકાયદેસર અને પ્રતિબંધિત છે.
- વાણિજ્યિક બેંક કરતા ખુબ જ ઓછા દરે લોન આપતી સંસ્થાઓથી ચેતવું જોઈએ, તેઓ શરૂઆતના પ્રક્રિયા ખર્ચ (પ્રોસેસિંગ ચાર્જ) લઇને છટકી જનારા લેભાગુ સંસ્થાઓ હોઇ શકે છે.
- એવી કોઇ સંસ્થા કે જે વિવિધ યોજનાઓ હેઠળ તમારી પાસેથી ઉઘરાવેલા નાણાં પરત ન આપે અથવા જેણે તમારી પાસે ગેરકાયદેસર નાણાં ઉઘરાવ્યા હોય તેની સામે આપ પર ફરિયાદ કરી શકો છો.






# સંદેશ ૧૧

# અયોગ્ય વેચાણ, તમે બેંકમાં પૈસા જમા કરાવવા જાઓ અને તમને એવો વીમો આપવામાં આવે કે જેના અંગે તમે જાણતા નથી.


- શું ક્યારેય એવું બન્યું છે કે તમે બાંધી મુદતની થાપણ માટે બેંકનો સંપર્ક કર્યો હોય અને બદલામાં બેંકે તમને વીમા પોલીસીનો વિકલ્પ આપ્યો હોય?

- તમારે જરૂર હોય તો જ વીમા પોલીસી લો.

- કોઇ પણ ફોર્મ પર સહી કરતા પહેલા થોડો સમય કાઢી તેને વાંચો.


- જો તમારી બેંક તમને એવી કોઇ સેવા કે ઉત્પાદન વેચી રહી હોય જે તમે માંગ્યા ન હોય તો તે ત્યાં સુધી ન સ્વીકારો કે જ્યાં સુધી તમને સંતોષ થાય કે તમારે એની વાસ્તવમાં જરૂર છે.

- જો આપને એવું લાગે કે તમને ખોટી રીતે કોઇ સેવા કે ઉત્પાદન વેચવામાં આવ્યા છે તો ફરીયાદ કરવામાં ખચકાશો નહી.









भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA